# પાલનપુર-અમદાવાદ હાઈ-વે પર ચક્કાજામ

**વડગામ તાલુકાના છાપી હાઇવે પર ૫૦૦૦ થી વધુ લોકો ઉમટ્યા : છાપી ખાતે CAA/NRC વિરુદ્ધમાં પાલનપુર અમદાવાદ હાઇવે કર્યો ચક્કાજામ**

**ઉંઝા લક્ષચંડી મહાયજ્ઞમાં જતાં અનેક દર્શનાર્થીઓ ટ્રાફિકમાં અટવાયા : પોલીસ દ્વારા ચાર પ્રદર્શિત કાર્યકરોને ડીટેન કરાતાં મામલો ગરમાયો**






વડગામ,

નાગરિકતા સંશોધન બિલ મુદ્દે દિલ્હી સહિત દેશભરમાં વિરોધ નો વંટોળ ઉભો થવા પામ્યો છે.ત્યારે આ વિરોધ નો રેલો છેક ગુજરાત સહીત બનાસકાંઠા સુધી પહોંચ્યો છે.

ગુરુવારના સવારે ૧૦ કલાકે વડગામ ના છાપી હાઈવે ઉપર ઝછછ૭/દ્રઈઝ ના વિરોધમાં વડગામ ના અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી ના સાથીદાર અમરનાથ,સતીષ વણસોલા,તેમજ વડગામ વિકાસ સમિતિ સહીત ના સંગઠનો દ્વારા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.પરંતુ વહીવટી તંત્ર દ્વારા સભાની મંજૂરી માડી રાત્રે રદ્દ કરતાં સવારથી જ લોકો છાપી હાઈવે ઉપર એકત્રીત થઈ ગયા હતાં.સવારે છાપી પોલીસ દ્વારા તાજ હોટલ આગળથી જ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી ના સાથીદાર અમરનાથ,સતીષ વણસોલા,તેમજ અબ્દુલ હક પટેલ અને યાસીન બંગલા વાળાને ડીટેન કરતા એકત્રીત થયેલ લોકો ઉશ્કેરાયા હતા અને ચાર વ્યક્તિઓ ને છોડાવવા છાપી હાઈવે બંધ કરીને ટ્રાફીક ચક્કાજામ કરી દેતા પોલીસ તંત્ર માં દોડધામ મચી ગઈ હતી.

સ્થાનિક પોલીસ સાથે પાલનપુર સહિત જિલ્લાની પોલીસ છાપી ખાતે ખડકી દઈને જિલ્લા પોલીસ વડા એ કમાન સંભાળી લીધી હતી.પોલીસ વાન પણ ટ્રાફિક વચ્ચે અટવાઈ પડતાં લોકોએ ઘેરી લીધી હતી અને થોડીવાર માટે પોલીસવાન ને પણ ધક્કે ચઢાવી હતી.પોલીસે સમય સુચકતા વાપરીને ટોળા બહાર નિકળીને ટોળાને કંટ્રોલ કર્યું હતું. અને આયોજકોના ડીટેન કરાયેલ ચાર વ્યક્તિઓ ને મુક્ત કર્યો હતા.

ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સાથી અમરનાથ ભાઈ,સતીષ વણસોલા, અબ્દુલ હક પટેલ અને યાસીનભાઈ બંગલાવાળા ને પોલીસે મુક્ત કરતા મામલો થાળે પડ્યો હતો.

સભાની મંજૂરી રદ કરાતા તેમજ આયોજકોની અટકાયત થતા છાપી પંથકમાં મામલો ગરમાયો હતો.અને દિવસ દરમિયાન હાઈવે વિસ્તારમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.મોટા પ્રમાણમાં લઘુમતી સમાજના લોકો એકઠા થયા હતા.છાપી હાઈવે ટ્રાફિક જામ કરાતા લોકોમાં અફડા તફડી મચી ગઈ હતી.

## હિંમતનગરમાં વેપારી પર ફાયરીંગ કરનાર પાણપુર પાટીયાના બે શકમંદો સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરના ટાવરચોક નજીક નવા બજારના નાકે આવેલ બુટ ચંપલની દુકાનમાં મંગળવારે રાત્રે બાઈક પર આવેલા બે બુકાનીધારીઓએ ત્રણ રાઉન્ડ ફાયર કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ મોડી રાત્રે હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ પોલીસે ફાયરીંગ કરવામાં સંડોવાયેલા મનાતા પાણપુર પાટીયા વિસ્તારમાં રહેતા બે શકમંદોને શોધવા માટે પોલીસતંત્રએ બુધવારે છ ટીમો બનાવીને આ શકમંદોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ક્રિષ્ણાસુઝના માલિક મુળજીભાઈ પટેલના પુત્ર મહેન્દ્રભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ મંગળવારે સાંજે સાતેક વાગ્યાના સુમારે તેઓ પોતાની દુકાનમાં બેઠા હતા ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ ઉપરાછાપરી રિવોલ્વરમાંથી ઉપરાછાપરી ત્રણ રાઉન્ડ કાચ પર ફાયરીંગ કરીને મહેન્દ્રભાઈ પટેલને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સમયસુચકતા વાપરીને મહેન્દ્રભાઈ એકબાજુ નમી જતા તેમનો આબાદ બચાવ થયો હતો.

તો બીજી તરફ આ અંગે જિલ્લા પોલીસવડા અને એસઓજી તથા એલસીબી સહીત બી. ડીવીજન પોલીસને ખબર પડતા આખુ પોલીસતંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યું હતું. અને સીસીટીવી કુટેજની ચકાસણી કરાયા બાદ મહેન્દ્રભાઈ પટેલે શકમંદ તરીકે પાણપુર પાટીયા વિસ્તારમાં રહેતા નવાજ શરીફખાન પઠાણ અને મોહમદ નવાજખાન આલમખાન પઠાણ વિરૂદ્ધ નોંધાવેલી ફરીયાદ બાદ પોલીસે આ બંને શકમંદોને ઝડપી લેવા માટે છ ટીમો બનાવીને તપાસ હાથ ધરી છે.



**ધનસુરાના જામઠા પ્રાથમિક શાળાનાં આચાર્યની બદલીથી ગ્રામજનોમાં રોષ**

અરવલ્લી જિલ્લાના જામઠા પ્રાથમિક શાળાના એચ.ટાટ આચાર્ય પિનલભાઈ પટેલની તંત્ર ધ્વારા એકાએક બદલીના આદેશથી ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો હતો. જેને લઈ ગ્રામજનોએ ગામના મંદિરે ભેગા થઈ બદલીના વિરોધમાં બેનરો સાથે સુત્રોચ્ચાર કરી રેલી કાઢી હતી. જો બદલી નહી રોકવામાં આવે તો ગ્રામજનોએ આગામી સમયમાં આમરણાંત ઉપવાસ, ધરણાં કરવાની ચિમકી ઉચ્ચારી છે. સાથે ગાંધી ચિંધ્યા માર્ગ પર લડત આપવાની સાથે શાળામાં તાળાબંધી કરવાની ચિમકી પણ ઉચ્ચારી હતી. ગ્રામજનોના મત અનુસાર શાળામાં નવા આચાર્યની નિમણૂક થતાં શાળાનો વિકાસ સારો થયો છે. આચાર્યએ બાળકોને વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લાકક્ષા સુધી પહોંચાડવામાં સારી કામગીરી કરી છે. સાથે શાળાના બાળકો નવોદય, સંસ્કૃત જેવી બાહ્ય પરીક્ષામાંઓમાં ભાગ લેતા થયેલ છે. શાળાનું કુશળ સંચાલન થઈ રહ્યું છે. છતાં બદલીના આ આદેશથી શાળાનો વિકાસ અટકી જશે એવું ગ્રામજનોએ જણાવ્યું હતું.

## બાયડના અદાનાછાપરા વિસ્તારમાં પાણીની પાઈપલાઈન માટે વિધાનસભામાં કોંગ્રેસ તરફી વોટિંગના સોગંદ ખવડાવ્યા

બાયડ, તા. ૧૯

બાયડ નગરપાલિકાના પેટાપરા અદાનાછાપરા વિસ્તારના લોકો સરકારની "નળ ત્યાં જળ" યોજના માટે તડપી રહ્યા છે. બાયડ નગરપાલિકાના બની બેઠેલા કેટલાક સત્તધીશો છેલ્લા બે વર્ષથી પાઈપલાઈનનો ઠરાવ થઈ ગયો હોવા છતાં ઈરાદાપૂર્વક પાઈપલાઈન નાખતા ન હોવાથી અદાનાછાપરા વિસ્તારના લોકોએ ભાજપના કેટલાક અગ્રણીઓ સાથે રાખી તાલુકા અને જીલ્લા વહીવટીતંત્રમાં આવેદનપત્ર આપી ૧૦ દિવસમાં પાણીની પાઈપલાઈનનું જોડાણ નહિ આપવામાં આવે તો બાયડ નગરપાલિકા કચેરી આગળ આત્મવિલોપન કરી દેહનો નાશ કરશે તેવી ચીમકી ઉચ્ચારતા ભારે હલચલ મચી ગઈ છે.

બાયડ શહેર ભાજપ સંગઠનના કેટલાક હોદ્દેદારો સ્થાનિકો સાથે જીલ્લા કલેક્ટર,




પ્રાંત અધિકારી અને ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી જણાવ્યું હતુ કે નગરપાલિકામાં સમાવિષ્ઠ અદાનાછાપરા વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી પાઈપલાઈનનો ઠરાવ કરવામાં આવ્યો હોવા છતાં પાઈપલાઈનની કામગીરી કરવામાં આવી નથી. ઘણીવાર રજુઆત કરવા છતાં કોઈ પરિણામ નહિ મળેલ વિધાનસભાની પેટા ચૂંટણીમાં બની બેઠેલા સત્તાધીશો કે જે નગરપાલિકામાં ચૂંટાયા પણ નથી તેમને કોંગ્રેસ તરફી મતદાન કરો તોજ પાઈપલાઈન નાખવામાં આવશે જણાવી સોગંધ ખવડાવ્યા હતા અને અમે મજબૂરીવશ સોગંધ પણ ખાધા હતા. વિધાનસભાની પેટા ચૂંટણી પુરી થઈ ગયા પછી પણ પાઈપલાઈન કરી પણ જોડાણ બાકી રાખતા નગરપાલિકામાં રજુઆત કરતા પાલિકામાંથી ચૂંટાયેલા ન હોય તેવા લોકોનો સંપર્ક કરવાનું જણાવવામાં આવતા આવા બની બેઠેલા સત્તાધીશોના ઘરે જઈ પાઈપલાઈન જોડાણની વાત કરતા આગામી નગરપાલિકાની ચૂંટણીમાં અમોને મત આપશો તેવા સોગંધ ખાઓ પછી જ જોડાણ આપવામાં આવશેની વાત કરતા આખરે થાકી જઈ અદાનાછાપરા વિસ્તારના લોકોએ સ્થાનિક ભાજપના અગ્રણીઓને સાથે રાખી જીલ્લા અને તાલુકા વહીવટીતંત્રમાં આવેદનપત્ર આપી ૧૦ દિવસમાં પાણીની પાઈપલાઈનનું જોડાણ નહિ આપવામાં આવે તો બાયડ નગરપાલિકા કચેરી આગળ આત્મવિલોપન કરી દેહનો નાશ કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે.



**મોડાસા ટાઉનપોલીસના કોન્સ્ટેબલનો શ્વાન પ્રેમ**

મોડાસા ટાઉન પોલીસ પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી દોલતસિંહ ટાઉન પોલીસસ્ટેશન વિસ્તારમાં રખડતા કુતરાઓ પ્રત્યે અનોખો પ્રેમ જોવા મળી રહ્યો છે. દરરોજ પોલીસકર્મી દોલતસિંહ નોકરીની શરૂઆત કરતા પહેલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વસવાટ કરતા કુતરા અને ગલુડિયાંઓ માટે દૂધ અને બિસ્કિટનો ખોરાક તૈયાર કરી ખવડાવે છે. દોલતસિંહ ટાઉન પોલીસ સ્ટેશનમાં પહોંચતા જ આજુબાજુમાં રખડતા કુતરા અને ગલૂડિયાં ઘેરી વળે છે અને તેમને પ્રેમ કરતા હોય તેમ આજુબાજુ ફરતા જોવા મળે છે. પોલીસકર્મીના શ્વાન પ્રેમથી લોકો પણ પ્રભાવિત બન્યા છે.

## ડીસાના જનસેવા કેન્દ્રમાં જ સ્વચ્છતાનો અભાવ જાહેર શૌચાલયમાં પગથિયાં બનાવાનું ભુલાયુ

સમગ્ર દેશમાં સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત તેને લગતી અનેક કામગીરી કરવામાં આવી રહી છે પરંતુ સ્વચ્છતા અભિયાનના લિરા ઉડાડતા દ્રશ્યો ડીસામાં ઠેરઠેર નજરે પડે છે. જેમાં ખુદ સરકારી કચેરીઓમાં જ બનાવેલા શૌચાલયોમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું જેને લઈ ને સ્વચ્છ ભારતનું સપનું ચકનાચૂર થઈ જાય છે જે માટે જવાબદાર છે ખુદ સરકારી અધિકારીઓની બેદરકારી. ડીસા શહેરમાં આવેલા જનસેવા કેન્દ્રમાં સરકાર દ્વારા બનાવેલ શૌચાલયમાં છેલ્લા કેટલાક સમયથી સ્વચ્છતાનો અભાવ જોવાં મળી રહ્યો છે સરકાર દ્વારા સાફસફાઈ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે પરંતુ સરકારી ગ્રાન્ટનો દુર ઉપયોગ થતો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે આ



શૌચાલયમાં કેટલાક દારૂનાં શોખિનો દ્વારા દારૂની ખાલી બોટલો પણ ફેંકવામાં આવી રહી છે જેથી આ શૌચાલયમાં ગંદકીના ઢગલા ખડકાયા છે જ્યાં કેટલાય સમયથી સાફસફાઈ કરવામાં આવી ના હોવાનું દેખાઈ રહ્યું છે.

અરજદારો દ્વારા અગાઉ પણ રજુઆત કરવામાં આવી છે છતાં સરકારી અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી જેથી જનસેવા કેન્દ્રમાં આવતાં અરજદારો જીવના જોખમે શૌચ કરવા મજબૂર બની રહ્યા છે જ્યારે પીવાનાં પાણીની ટાંકી પણ ખુલ્લી હાલતમાં દેખાઈ રહી છે જે પાણીનો અરજદારો પીવા માટે ઉપયોગ કરે છે.

જ્યારે જનસેવા કેન્દ્રના કમ્પાઉન્ડમાં પણ કચરાના ઢગલા નજરે પડી રહ્યા છે ઠેર-ઠેર ગંદકીના ઢગલાથી લોકો સરકારી બાબુઓની કામગીરી ઉપર ફીટકાર વર્ષાવી રહ્યા છે જ્યાં સરકારી કચેરીઓમાં માં જ સ્વછતાનો અભાવ છે તો આમ જનતામાં સ્વચ્છતાનો સંદેશ કેવી અસર કરે ? સરકારી કાર્યક્રમમાં લોકોને સ્વચ્છ ભારતનો સંદેશ આપતા અધિકારીઓની સૂફીયાણી વાતો માત્ર કાગળ ઉપર હોય તેવું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે જે કેટલું યોગ્ય ગણાય....!

જોકે ડીસા જનસેવા કેન્દ્રમાં ફેલાયેલી ગંદકી બાબતે જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક અસરથી પગલાં લેવામાં આવે તેવી જાગૃત નાગરીકોની માંગ ઉઠવા પામી છે.



**ઉંઝામાં યોજાયેલ લક્ષચંડી યજ્ઞમાં અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા સમિતિનું પ્રથમ યજમાન પદ**

ઉંઝા લક્ષચંડી યજ્ઞમાં અરવલ્લી સામાજીક સમરસતા સમિતિ દ્વારા અનુસૂચિત જાતિના પ્રથમ યજમાન રાજુભાઇ મકવાણા યજ્ઞમાં બેઠા. અરવલ્લી જીલ્લાના તમામ જુદી જુદી જાતિના ૫૮ બંધુઓએ પરિવાર સાથે ભેગા મળી બસ દ્વારા ઉંઝા જઇ યજ્ઞના દર્શન કર્યા. તમામ જાતિના હાજર લોકોએ દરેક બંધુઓના ઘેર પ્રસંગોપાત ભેગા થવાનો સંકલ્પ કર્યો અને પોતાના કુટુંબ સાથે સાથે સમાંતર એક અન્ય કુટુંબ બનાવવાનો સંકલ્પ કર્યો. અરવલ્લી સામાજિક સમરસતા સમિતિના સંયોજક ચંદ્રકાન્ત પટેલ દ્વારા હાજર બંધુઓ જોડે જાતિવાદને સ્વાહા કરવાની આહુતિ અપાવી માનવતાવાદને અપનાવવાનો સંકલ્પ કરાવ્યો. અરવલ્લી સામાજીક સમરસતા ટીમ પણ આ પ્રસંગે હાજર રહી હતી.

## પ્રેમનગર સોસાયટીમાં રહેતા ઈસમ સાથે બાઈક મુકવા બાબતે ઝઘડો

હિંમતનગર, તા.૧૯

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ પ્રેમનગર સોસાયટીમાં મંગળવારે દુકાન આગળ આડુ બાઈક મુકવા બાબતે છ જણા સાથે થયેલી બોલાચાલી બાદ મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો અને આ છ જણાએ દુકાનદારની દુકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી મારક હથીયારો સાથે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તથા રૂ. ૧૦ હજારનુ નુકસાન પહોંચાડ્યાની ફરીયાદ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પ્રેમનગર સોસાયટીમાં રહેતા નિરવ જીતેન્દ્રભાઈ પરમારે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ મંગળવારે સાંજે સાત વાગ્યાના સુમારે અમીત બળદેવભાઈ રબારીએ અશ્વિનભાઈની દુકાન આગળ બાઈક આડુ મુકી દીધુ હતુ. દરમ્યાન અશ્વિનભાઈ તેમનુ એક્ટીવા બહાર કાઢવામાં આ બાઈક નડતુ હોવાથી અમીતભાઈને તે લઈ લેવા માટે કહ્યુ હતુ. જ્યારે અમીતભાઈ ઉશ્કેરાઈ જઈ અશ્વિનભાઈ સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો.

ત્યારબાદ આ ઝઘડાની અદાવત રાખીને અમીતભાઈ રબારી, તેમના ભાઈ, કેતન રબારી, વિશાલ રબારી, કાળુ ધોબી તથા ભુવાજી નામના શખ્સોએ મારક હથિયારો સાથે અશ્વિનભાઈની દુકાનમાં ગેરકાયદે મંડળી રચી ઘુસી ગયા બાદ હુમલો કરી અશ્વિનભાઈને શરીરે ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આ શખ્સોએ નિરવભાઈ પરમારની દુકાન આગળના કાચની તોડફોડ કરીને રૂ. ૧૦ હજારનું નુકસાન પહોંચાડ્યું હતુ. જેથી નીરવભાઈ પરમારે આ છ જણા વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.




**જુનાડીસાના મુસ્લિમ સમાજે બંધ પાળી વિરોધ નોંધાવ્યો**

નવા નાગરિકતાના કાયદાને લઈ સમગ્ર દેશમાં ઘમાસાણ મચ્યું છે ખાસ કરીને મુસ્લિમ સમાજ આ કાયદાનો ઉગ્ર વિરોધ કરે છે તેમાં સુર પુરાવતા ડીસા તાલુકાના કોમી એકતા માટે વિખ્યાત જુનાડીસા ગામના મુસ્લિમ સમાજના નાના-મોટા તમામ વેપારીઓએ પણ ધંધા રોજગાર બંધ રાખી શાંતિપૂર્ણ માહોલમાં સજ્જડ બંધ પાળી વિરોધ નોંધાવ્યો હતો.